સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

આપણા નેતાઓ ખાયકીના ગુલામ થઇ ગયા,
ને અધિકારીઓ આ દેશના, ગુલામ થઇ ગયા,
થઈ ગયા ગુલામ સ્વાતંત્ર્ય-દેવી, સંસદે કેદ -
ન્યાય, કોર્ટ ને કાયદા પણ - ગુલામ થઇ ગયા..
(બીજો ગાંધી કયારે જન્મશે ?!)

હાઈકુ

પવન વેગી
'બે મિનિટ'ની મેગી
થૈ મુક્ત રોગી..
(હવે બાળકો બાનમાં)

સંસદે ઉષ્મા,
બચાવ કે હુમલો?!
ત્રાટક્યાં સુષ્મા..
(તને મ્યાંઉ, ને તારી માને પણ)

ચિંતન

आलस्योपहता विद्या, पराहस्तागताः स्त्रियाः । अल्प बीजं हतं क्षेत्रं हतं सैन्य मनायकम् ॥

'આળશથી વિદ્યાનો નાશ થાય છે, અને પારકાના શરણે-હસતે પડેલી સ્ત્રી-પત્નીનો નાશ થાય છે. થોડાંક જ બીજ વાવવાથી (લોભ કરવાથી) ખેતરનો નાશ થાય છે અને સેનાપતિના હણાઈ ગયા પછી સૈન્યનો પરાજય થાય છે.'

'ચાણક્ય નીતિ'નો આ શ્લોક છે.

કોઈ પણ કામમાં આળશ ન કરવું. વિદ્યા પ્રાપ્તિ એ તપશ્ચર્યા જ છે. એના માટે સખત પરિશ્રમ કરવો જરુરી છે.

સ્ત્રીને પારકે ભરોસે ન મૂકાય ચંચળ મન અને એકાંત અગ્નિનું કામ કરે છે.

ખેતરમાં બીજ વિપુલ માત્રામાં નાખવું જોઇએ જેથી કોઈક દાણો તો ફૂટે જ.

સેનાપતિ, માર્ગદર્શક તો હોય જ છે પણ સૈનિકોની આશા અને હિંમત પણ હોય છે. સેનાપતિ હણાયા પછી સેના વેરવિખેર થઇ જાય છે.

સુવિચાર

- સત્ય પોતાનો મિજાજ ગુમાવે છે ત્યારે અતિશયોક્તિ બની જાય છે - **ખલિલ જીબ્રાન**
- યાદ એ મિલનનું સ્વરુપ છે તો વિસ્મરણ એ મુક્તિનું સ્વરુપ છે - **બર્નાડ શો**
- સુખ અને લોહીના સગપણ કરતાં વેદનાનું સગપણ વધારે ટકાઉ નિવડે છે - **અનામી**
- ત્રણ પ્રકારના જૂઠ છે : જૂઠ, નરાતળ જૂઠ અને આંકડાશાસ્ત્ર - **માર્ક ટ્વેઇન**
- દુ:ખનું તો થઈ પડશે,
  પરંતુ સુખનો આનંદ માણવા માટે તમારે તેમાં કોઈ ભાગ પડાવનાર તો જાઈએ જ - **સંત રોબીન**
- ભૂખે મરતાં કૂતરાંને તમે બચાવી તમે તેને પાળો તો તમને એ કદી કરડશે નહીં,
  માણસ અને કૂતરા વચ્ચે આ તફાવત છે - **ચેખોવ**
- ઘડિયાળ બંધ કરવાથી સમય લંબાવી શકાતો નથી - **મલેશિયન કહેવત**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

'અધ્યાત્મનો પંથ' એટલે સંસારની જવાબદારીઓ, કર્તવ્યો, ફરજો છોડી જંગલની કોઈ ગુફામાં સંતાઈ બેસી જવું એ નથી જ. માતા-પિતા-વડીલ-પુત્ર-પુત્રી-પતિ તરીકેની બધી ફરજ-કર્તવ્ય નિષ્ઠાથી બજાવવાં, અને ઈશ્વરની સાક્ષીએ ન્યાયપૂર્વક આચરણ-વર્તન કરવું એ જ સાચો કર્મયોગ-ભક્તિયોગ-અધ્યાત્મ છે.

આશ્રમના અધિષ્ઠાતા ગુરુજી સદાય સંસારી શિષ્યો જે અવાર-નવાર આશ્રમની મૂલાકાતે આવતાં તેમને અને તેમના પરિવારોને ખૂબ સાચવતા, સન્માન આપતા. એટલું જ નહીં આશ્રમમાં રહેતા ત્યાગી શિષ્યોને પણ એમની સેવા-સુશ્રુષા માટે આજ્ઞા આપતા હતા.

શિષ્યોને મનમાં થતું કે આ લોકો આશ્રમને આર્થિક સહાય કરતા હશે તેથી કદાચ ગુરુજી...

એક વાર એક શિષ્યએ પોતાના મનનો સંદેહ ગુરુજી પાસે રજૂ કરી દીધો. ગુરુજી, અમે આશ્રમવાસી પણ આપના શિષ્યો જ છીએ છતાં પણ આપ સંસારી શિષ્યો તરફ વધારે ફુણું...

ગુરુજી સમજી ગયા, વચ્ચે જ બોલ્યા - બેટા સંસાર ચલાવવો એ જ મોટું પાપ છે. સંસારમાં રહી નિષ્ઠાપૂર્વક કર્મ અને ધર્મ બજાવનારા આપણાં કરતાં વધારે મોટા તપસ્વી છે.

દેશ તો આઝાદ થાતાં થૈ ગયો - તેં શું કર્યું ?

નવી દિલ્હીમાં ઐતિહાસિક લાલ કિલ્લા પરથી પ્રથમ વાર ત્રિરંગો ફરકાવાઈ રહ્યો હતો તે વખતે 'રાષ્ટ્રપિતા' કલકત્તા અને નોઆખલીની કોમી આગ ઠારવા રઝળપાટ કરી રહ્યા હતા. એમને આઝાદી મળ્યાનો કોઈ હરખ નહોતો.

તંત્રીસ્થાનેથી....

કવિ ઉમાશંકર જોશી ગાંધીરંગે રંગાયેલા શ્રેષ્ઠ ગુજરાતી સર્જક છે. એમણે આઝાદી સંદર્ભે કરેલી લાક્ષણિક ટકોર કેટલું બધું કહી જાય છે!

'દેશ તો આઝાદ થાતાં થૈ ગયો - તે શું કર્યું'

- પ્રશ્ન હાડ સોંસરવો ઊતરી જાય એવો છે. આઝાદી માટે અનેક વ્યક્તિઓએ અનેક જાતના પ્રયાસો કર્યા. કોઈએ હિંસક ક્રાંતિના માર્ગે ચાલવાનું સ્વીકાર્યું અને કોઈએ ગાંધીચીંધ્યા સત્યાગ્રહનો રસ્તો પકડ્યો. બેઉ માર્ગોનું અંતિમ ગંતવ્ય તો આઝાદી જ હતી.

આજે એ આઝાદીને અડસઠ વર્ષ પૂરાં થાય છે. ફરી પાછો એ જ સવાલ : 'તેં શું કર્યું.'

કવિ પોતાની જાતને જ સવાલ કરે છે : છે કોઈ જવાબ?

'આઝાદી મળશે ત્યારે આ પીંઢારાઓનો મુલક અંદરોઅંદર પીંખાઈ જશે.' ચર્ચિલે ભાખેલી ભવિષ્યવાણી પૂરેપૂરી નહીં તો આંશિક રીતે પણ સાચી ઠરી રહી હોય એમ નથી લાગતું? લોકશાહીને આપણા નેતાઓએ ટોળાશાહીમાં ફેરવી દઈ જિલ્લેજિલ્લે રજવાડાં ઊભાં કરી દીધાં છે. ચૂંટણી જીતવા માટે હલકામાં હલકી રીતરસમો અજમાવાતી રહી છે. કયારેક સિદ્ધાંતવાદી અને સેવાભાવી આગેવાનો પણ હતા - એવું કહીએ તો નવી પેઢીને એ વાત ગળે ઊતરશે ખરી? મજૂર નેતા ગુલઝારીલાલ નંદા કે મહાગુજરાત ચળવળના સૂત્રધાર ઈંદુલાલ યાજ્ઞિક જેવી ફકીરી આજે દીવો લઈને શોધવા જતાં પણ જડશે ખરીં? આતંક અને કૌભાંડોની ભરમાર વચ્ચે ઓગણસિત્તેરમું સ્વાતંત્ર્ય પર્વ ઊજવાઈ રહ્યું છે ત્યારે આપણા લોકપ્રિય નેતાઓની સલામતી પાછળ કરોડોનો ધુમાડો કરવો પડે છે. દિલ્હીના આકાશમાં ચકલું પણ ન ફરકે એની તકેદારી રાખવી પડે છે. જે દેશના રાષ્ટ્રપિતાએ તત્કાલીન પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને નાયબ વડાપ્રધાન તથા ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહ છતાં સુરક્ષા ન સ્વીકારીને ઈશ્વરની મરજી લેખે શહીદી વહોરી હતી તે દેશનો એક સામાન્ય રાજકીય આગેવાન પણ આજે બંદૂકધારીઓથી ઘેરાઈને કરે છે અને પાછો એનું ગૌરવ અનુભવે છે! કેવી વિડંબના કે સંસદનું આખેઆખું ચોમાસું સત્ર કશા કામકાજ વગર એકબીજા પર આક્ષેપબાજીમાં ખતમ થઈ જાય છે. વિશ્વસત્તા બનવા ભણીની આપણી કૂચ અવશ્ય આવકારદાયક છે, પરંતુ એ ઉંદર દોડમાં આપણે મૂલ્યોને કોરાણે મૂકીએ કેટલું ઉચિત છે? આટલાં વર્ષો પછી આપણે એક 'રાષ્ટ્રભાષા' નથી વિકસાવી શક્યા, તે જ આપણી રાજકીય નાદારીનું દ્યોતક નથી? મહાત્મા ગાંધી માટે આઝાદી કરતાં વધુ મહત્ત્વનું 'જીવન' હતું એથી એમણે 'સત્યના પ્રયોગો' આદર્યા હતા. એમણે રચનાત્મક પ્રવૃત્તિઓનો મહિમા કર્યો હતો. શ્રમ સાથેની કેળવણીનો આદર્શ રજૂ કરતી ગુજરાત વિદ્યાપીઠ શરુ કરી હતી અને તત્કાલીન રૂઢિચૂસ્ત સમાજને આંચકો આપીને એક સફાઈ કામદાર પરિવારને સાબરમતી આશ્રમમાં આશ્રય આપ્યો હતો. દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા કાર્યક્રમો ગાંધીજીને મન આઝાદી કરતાં વિશેષ મહત્ત્વ ધરાવતાં હતા. એ જ અરસામાં કોઈ અંગ્રેજ પત્રકારે એમને પૂછ્યું હતું : 'મિ. ગાંધી, તમારી દૃષ્ટિએ આ દેશની સૌથી મોટી સમસ્યા કઈ?' ગાંધીજીએ ક્ષણનોય વિલંબ કર્યા વગર કહ્યું હતું 'ભણેલાઓની હૃદયશૂન્યતા.' - એમની દૂરંદેશીનું આ પ્રમાણ છે. આજે 'ભણેલા' ભારતીયો પોતાના દેશવાસીઓ પ્રત્યે કેટલા સંવેદનશીલ રહ્યા છે, તે કહેવાની જરૂર ખરી?

અસ્પૃશ્યતા નિવારણ : બાપુનું જીવન વ્રત

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

બાર વર્ષની ઉંમરે બાળક મોહને પોતાની માને પ્રશ્ન કર્યો હતો કે 'આ ઉકા ભંગીને કેમ ન અડાય? - એનો કોઈ ગળે ઉતરે એવો જવાબ નહીં મળવાથી સતત એ બાળકના દિલમાં આ પ્રશ્ન ધોળાતો રહ્યો કે માણસ જેવા માણસને કેમ અડી ન શકાય? અડીએ તો શા માટે નાહવું પડે? - પણ આ બાળકે પછીના વર્ષોમાં પાકટ વયની જીંદગીના છેલ્લા શ્વાસ સુધી અસ્પૃશ્યતા નિવારણ અર્થે કાર્ય કર્યું. આ બાળક એટલે મો.ક. ગાંધી.'

ભગવદ્ગીતામાં કૃષ્ણને ટાંકતા ગાંધી કહે છે, ગીતામાં કૃષ્ણએ સ્પષ્ટ કહ્યું છે કે ગુણધર્મને ધ્યાનમાં રાખીને ચાર વર્ણોનું સર્જન કરવામાં આવ્યું છે. આમાં કયાંક ઊંચનીચનો ભેદભાવ છે જ નહીં. સમાજના ધારણ પોષણ માટે જુદા જુદા વર્ગોની સ્વાભાવિક રીતે જ આવશ્યકતા રહે છે, તે મુજબ આ વર્ગોની રચના થઈ છે, પરંતુ સમય જતાં તેમાં અનેક નાની મોટી જ્ઞાતિઓ પેદા થઈને તે ઉપરાંત એક પંચમ વર્ણ કે હરિજનોનો વર્ગ ઊભો થયો. વર્ષોથી હડધૂત થયેલા આ સમાજને અસ્પૃશ્ય માન્યો હતો. એ ગાંધીજીએ પ્રત્યક્ષ જોયું અને અનુભવ્યું હતું. આથી એમના દિલમાં અસ્પૃશ્યતા નિવારણની તીવ્ર ભાવના પેદા થઈ હતી.

ગાંધીજીએ જે જીવન વ્રતો પાળી બતાવ્યા હતા તેમાં સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, અસ્વાદ, અભય, જાત મહેનત, સર્વધર્મ સમભાવ, સ્વદેશીની સાથોસાથ અસ્પૃશ્યતા નિવારણ પણ હતું. સામાન્ય રીતે વ્રતનો સીધોસાધો અર્થ નિયમ પાલન થાય છે. ભારતીય સમાજ પરાપૂર્વથી વ્રતના અનુષ્ઠાનો પાળતો આવ્યો છે. આવા વ્રતો મોટે ભાગે આરોગ્યની જે ધાર્મિક દૃષ્ટિએ યોજાતાં હોય છે. ગાંધીજીએ પણ ધર્મ અને આરોગ્યની જાળવણી સાથે સમાજની દુરસ્તી સાથે તંદુરસ્તી લાવવાના પ્રયાસ રુપે આ જીવન વ્રતો લીધા હતા.

બાપુ સ્વચ્છતા અને અસ્પૃશ્યતા બંને જુદી બાબત છે એમ ગણાવતાં. તેઓ કહેતા સ્વચ્છતા દરેકને માટે જરુરી છે. જો અસ્વચ્છ ગમે તે વ્યક્તિ અસ્પૃશ્ય ગણાય તો સ્વચ્છ ગમે તે વ્યક્તિ સ્પર્શયોગ્ય ગણાવી જ જોઈએ, પછી તેમાં ન્યાય જાતનો ભેદ હોઈ શકે જ નહીં, હિંદુ ધર્મમાં તો સ્પષ્ટ કહેવામાં આવ્યું છે, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' - જેવા આપણે તેવા બીજા. સૌમાં સમાન આત્મા છે એવું સ્પષ્ટ કરતાં તેઓ દુ:ખી સ્વરે કહેતા, કોણ જાણે કયાંથી આ અસ્પૃશ્યતાનું કલંક હિંદુ ધર્મમાં પેસી ગયું, તે સમજાતું નથી. તેને કાઢયે જ છુટકો છે. અસ્પૃશ્યતાને સમાજમાંથી હાંકી કાઢવા માટે તેઓ હરહંમેશ કામ કરતા રહ્યા.

૧૯૨૭માં જયારે બાપુ દેશમાં પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે ઓરિસ્સા પહોંચ્યા. ત્યાં પુરીનું જગન્નાથજીનું મંદિર છે. હિંદુઓમાં આસ્થાની ઊંચી ટુંક સમાન આ ચારધામ પૈકીનું એક કૃષ્ણધામ હોવા છતાં તેઓ દર્શને ગયા નહીં. હરિજનોને પ્રવેશ નહીં હોવાથી જગન્નાથજીના દર્શને વૈષ્ણવજન એવા ગાંધી ગયા ન હતા. અગિયાર વ્રત પૈકીના અસ્પૃશ્યતા નિવારણના વ્રત માટેની આવી તેમની નિષ્ઠા હતી.

ગાંધીજીએ એક વાર લખ્યું પણ છે કે, જો મારું ચલણ હોય અને મારો અવાજ હોય, તો હું તો કહું કે, સ્વતંત્ર ભારતની પહેલી પ્રમુખ તો એક હરિજન છોકરી જ હોવી જોઈએ... હા, જો મને એવી બહાદુર દિકરી મળે તો હું તો તેને જ પહેલી રાષ્ટ્ર પ્રમુખ બનાવું... એ દિકરી મનની સાફ હોવી જોઈએ, પવિત્ર હોવી જોઈએ, પ્રમુખ તરીકે ઊભી હોય તો સીતા જેટલી તેજસ્વી અને આત્મબળ વાળી હોય.

સંદર્ભ :

(૧) સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ - ગાંધીજી (સંપાદક - લલ્લુભાઈ મકનજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.)

(૨) બાપુનાં જીવનવ્રતો (દશરથલાલ શાહ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

આઝાદ ખરા, પણ સ્વતંત્ર....!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

સ્વતંત્રતા દિવસનો ઉન્માદ દિલોદિમાગમાં છે, વન્દે માતરમની ધૂનોના પડઘાઓ વરસાદી હવામાં પડઘાય રહ્યા છે, દેશ સંપૂર્ણ એકતા અને આદરથી સ્વતંત્રતાને અપાવનાર શૂરવીરોને સલામ કરી રહ્યો છે, ફેસબુકોની દીવાલો વોટ્સ અપના પ્રોફાઈલ પીક્સ અને સરકારી દેશાભિમાનની જાહેરખબરોથી ટીવી અને છાપાઓ ત્રિરંગી થઈ રહ્યા છે ત્યારે આ ઉન્માદ,આદર અને દેશભક્તિની સાથે સાથે એક સવાલ અચૂક ઉઠે છે... શું ખરેખર આપણે સ્વતંત્ર છીએ? સ્વતંત્રતા બોલવાની, વર્તવાની, અભિવ્યક્તિની. આપણે એક એવા સ્વતંત્ર દેશમાં જીવી રહ્યા છીએ જયાં બોલવાની આઝાદી બંધારણે આપી છે પણ એના પર નિયંત્રણ સરકારોનું છે. આપણા જ ચૂંટેલા મુઠ્ઠીભર લોકો કાયદાઓ બનાવ્યે જાય છે અને પછી એ કાયદાઓ આપણી તરફ ફેંકાય છે, જો આપણને ના ગમે તો ફરી એ કાયદાઓથી સ્વતંત્ર થવા એક બીજી લડાઈ લડવી પડે છે. માઈન્ડ વેલ, સ્વતંત્ર ખરા પણ કશું આપણા હાથમાં નથી એવી પરતંત્ર સ્વતંત્રતા અદ્રશ્ય પરતંત્રતા !!!! યસ આપણે 'આઝાદ' છીએ પણ 'સ્વતંત્ર'...???

દુનિયાના રેકોર્ડબુકમાં ભારતને લખાય છે સ્વતંત્ર રાષ્ટ્ર. સાચી વાત છે આપણે સ્વતંત્ર દેશ છીએ એની નાં નહિ પણ આઝાદીના છ દાયકાથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ ક્યાં છે સાચી સ્વતંત્રતા? સ્વતંત્રતાનો એક મકસદ રાજકીય સ્વતંત્રતા પણ હતો જ કે જેથી નાગરિકો પોતાના મત મુજબની રાજકીય વ્યવસ્થા કાયમ કરી શકે પણ નાગરિકોનો રાજકીય હસ્તક્ષેપ એક હદ સુધી જ સીમિત થઈને રહી ગયો છે. સત્તા કે સરકારો બન્યા પછી એ જ નાગરિક બિચારાની ભૂમિકામાં આવી જાય છે અને જેને એણે રાજકીય સ્વતંત્રતાનો પ્રહરી બનાવીને મોકલ્યો હોય એનાથી સ્વતંત્ર થવા વલખા મારતો થઈ જાય છે. જે અંગ્રેજી કાયદાઓથી બગાવત કરીને સ્વતંત્રતા સંગ્રામ ખેલાયેલો એ જ અંગ્રેજી કાયદાઓ હજુ આટલા વર્ષો પછીપણ જેમ ના તેમ છે. સુધારો થઈ રહ્યો છે પણ સાત દાયકા થવા આવ્યા...વધુ સમય લેવાયો હોય એવું નથી લાગતું...?

આપણે સ્વતંત્રતાનો ઉપયોગ કર્યો રેલીઓ કાઢવામાં, રાજકીય કુસ્તીબાજીમાં, કોમી છમકલાઓમાં, જાતીય ભેદભાવોમાં... મૂળ મુદ્દાઓ જેમ-જેમ ભૂલાતા ગયા એમ-એમ જે સ્વતંત્રતા સંગ્રામ સંપૂર્ણ પણે લોકોના દ્વારા અને લોકોથી ખેલાયેલો એ જ દેશમાં સ્વતંત્ર થયા પછી લોકો હાસિયામાં ધકેલાતા ગયા

સ્વતંત્ર થવાનો સૌથી મોટો મકસદ હતો દેશના નાગરિકોને નડતા મહત્વના પ્રશ્નો કોઈની જોહુકમી સિવાય સર્વસંમતીથી હલ કાઢવો. અફસોસો એ છે કે સ્વતંત્ર થયા ત્યારે જે સવાલો ફણીધર નાગની જેમ ડોકાતા હતા એ સવાલો ભલે ફણીધર નહી તો પણ સાપોલિયાં સ્વરૂપે યથાવત છે જ. ગરીબી, બેકારી અને ધાર્મિક અસામનતાથી સ્વતંત્રતા એ અંગ્રેજોથી આઝાદ થવાના એજન્ડામાં મુખ્ય હતા. હા સ્વતંત્રતા વિચારો કે વિરોધોની વધી છે પણ એકતા કે સર્વસંમતીની ઘટી છે જ. આજે પણ દેશ બેકારી અને ગરીબી સામે જંગ ખેલી રહ્યો છે અને આમાં ધાર્મિક / જ્ઞાતિય અસમાનતા કે અરાજકતાને તો હજુ આપણે ગણતા જ નથી. શિક્ષણ ક્ષેત્રે હજુ આપણે એટલા પણ આગળ નથી કે દેશના હોનહાર યુવાધનને બહાર જતા રોકી શકીએ, વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણવાના ઉન્માદમાં દેશની ગુલામી વખતની મૂળભૂત સમસ્યાઓમાં અનેકો સરકારો આવ્યા પછી ક્યાં ખાસ કાઈ ફેર પડ્યો છે?

કોઈ પણ દેશની સ્વતંત્રતા એના પર નિર્ભર કરે છે કે મુસીબતોમાં કે મુસીબતો વગર પણ દેશ કેટલો એક છે, ઈવન આઝાદીની લડાઈ વખતની એકતા જોતા એમ જ લાગતું હતું કે સ્વતંત્રતા પછી તો કરોડો લોકોના મજબુત ભીડાયેલા હાથો કમાલ કરશે જ. યસ, કમાલ તો થાય જ છે પણ ઐક્ય ક્યાં? નાત જાત ધર્મના નામે વધુને વધુ ભાગલાઓ પડતા જાય છે. ૬૮ વર્ષ પહેલા તો ફક્ત પાકિસ્તાન નામે જ એક ભાગ પડેલો પણ આજે આપણે ખોખારીને નથી કહી શકીએ એમ કે યસ વિ આર વન..!!! વોલપેપર અને ફોટાઓમાં લહેરાતો રાષ્ટ્રપ્રેમ એકએકના દિલમાં સરખો છે? મહાસત્તા બનવા તરફ જઈ રહેલા દેશથી અર્ધી સદીથી હેરાન કરતો કાશ્મીર કોયડો નથી ઉકેલાતો એ દેશના કરોડો નાગરિકોના બંધાયેલા હાથની નિશાની છે. મૂળે લોકશાહી તો ટનાટન છે પણ અધુરી છે, પ્રજા સ્વતંત્ર છે પણ નીતિનિર્ધારણમાં પરતંત્ર છે.

વિકાસ, મહાસત્તા, ખુશહાલી, મુક્ત અર્થતંત્ર વગેરે વગેરેમાં કદાચ આપણે સ્વતંત્ર કે પછી આગળ નીકળી ચુક્યા છીએ પણ હકીકતે સ્વતંત્રતાનો જે મૂળ અર્થ હતો એ આપણી માનસિકતા, દંભ, ખોખલી રાજનીતિક વ્યવસ્થા, ઓલમોસ્ટ અંગ્રેજો કે જમાને કે કાયદે કાનુન, અમલદારશાહી, ચવન્ની છાપ નેતાઓ, વોટબેંકનું રાજકારણ, મહિલા અત્યાચારોથી આપણે હજુ સ્વતંત્ર નથી થયા..!!! અસલમાં શુરવીરોએ સ્વતંત્રતા સંગ્રામ આ માટે જ લડેલો પણ આપણે સ્વતંત્રતાનો ઉપયોગ કર્યો રેલીઓ કાઢવામાં, રાજકીય કુસ્તીબાજીમાં, કોમી છમકલાઓમાં, જાતીય ભેદભાવોમાં. મૂળ મુદ્દાઓ જેમ જેમ ભૂલતા ગયા એમ એમ જે સ્વતંત્રતા સંગ્રામ સમ્પૂર્ણ પણે લોકોના દ્વારા અને લોકોથી ખેલાયેલો એ જ દેશમાં સ્વતંત્ર થયા પછી લોકો હાસીયામાં ધકેલાતા ગયા. જે અંગ્રેજોની એકહથ્થુ સત્તાથી છટકવા સંગ્રામ ખેલેલો એવી જ એકહથ્થુ સત્તાઓના બોજ તળે આપણે આવતા જઈએ છીએ. આઝાદીના સાત દાયકા થવા આવ્યા પછી સાચી સ્વતંત્રતા ત્યારે જ ગણાશે જયારે આવી ચુન્ગાલોમાંથી આપણે આપણી જાતને આઝાદ કરી શકીશું. બાકી સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે કે અપની આઝાદીકો હમ હરગીઝ મિટા શકતે નહી ગાતા ગાતા ક્યારે ફરી પાછા આ બધાના ગુલામ થઈ જઈશું ખબર પણ નહિ પડે...!!!! સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ...!!!

- akurjt@gmail.com

બંદગી સે ભી અચ્છા એક કામ કર લીયા, મા કે ચશ્મે કો રુમાલ સે સાફ કર લીયા

અદબ-પલાઠી
મોં પર આંગડી
ડૉ. સંતોષ દેવકર

તું એક શબ્દ બોલે, અને બની જાય ગઝલ,
તું પાંપણને ખોલે, અને બની જાય ગઝલ.
ચારે બાજુ હોય દુ:ખો મને પરવા નથી,
હોઠ તારા મલકે, અને બની જાય ગઝલ.

- પિંકલ પરમાર 'સખી'

ભારતીય સંસ્કૃતિનાં પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની વૈવિધ્યપૂર્ણ ભૂમિકાઓનું આગવું પ્રદાન છે અને દરેક તરૂણિકાઓનું એક વિશિષ્ટ સ્થાન છે. પુત્રી, બહેન, માતા, પત્ની, દેરાણી, જેઠાણી, નણંદ, ભાભી, સાસુ, નાની જેવી અનેક ભૂમિકા જીવનના વિવિધ તબકકે ભજવવાની રહે છે. મને કહેવા દો કે આવી પડકારજનક ભૂમિકાને સંતોષકારક ન્યાય આપવાનું ભગીરથ કામ ફકત ભારતીય નારી જ કરી શકે.

સ્ત્રીઓની વિવિધ ભૂમિકાઓ પૈકી અમુક ભૂમિકાઓ સૌથી વધુ સંવેદનશીલ તથા હૃદયસ્પર્શી છે. માતા-પુત્ર, પિતા-પુત્રી, અને ભાઈ-બહેનનાં સંબંધો દુનિયાના સૌથી પવિત્ર સંબંધો ગણાય છે. અપવાદોને બાદ કરતાં માનવજીવનની ઊંચી ગરિમા અને સંબંધની પવિત્રતાની સુવાસ અકબંધ રહી છે, બરકરાર રહી છે.

જયારે કેળવણીની વાત આવે છે ત્યાર સશકિતકરણની શકયતાઓ વધી જાય છે. સ્ત્રી સશકિતકરણ માટે કેળવણી એ માધ્યમ બને તો મોટી કાંતિ થઈ શકે. મારી દૃષ્ટિએ કેળવાયેલી સ્ત્રી સશકત છે જ. હા એવું બને કે માત્ર શિક્ષણ લીધેલી સ્ત્રી કદાચ કેળવાયેલી ન પણ હોય. તેથી તે સશકત હોવા માટે પ્રશ્નાર્થ બની શકે. એક કેળવાયેલી માતા પોતાના દીકરાને ડૉકટર, એન્જિનિયર, પ્રોફેસર કે સારો નેતા બનાવી શકે છે એ દીકરાઓ પદ, પ્રતિષ્ઠા મેળવીને માનું ગૌરવ વધારે છે. એક કેળવાયેલી સ્ત્રી પોતે સશકિતકરણ માટે સજજ હોઈ અન્યનું સશકિતકરણ કરી શકે છે.

કેળવણી એટલે ચિંતનને આત્મસાત કરવું. કેળવણી મનુષ્યને મળેલા વ્યકિતત્વના પાયા ઉપર એના ઉચ્ચતર વ્યકિતત્વની ઈમારત ખડી કરવામાં મદદરૂપ થઈ, માનવીના આંતરજીવનને સમૃધ્ધ કરે છે. એ જ સાચી કેળવણી છે અને એ સાચો ધર્મ છે. આવી કેળવણી જ સંસ્કારી, સંસ્કૃત જીવન માટે મનુષ્યને ભાથું આપે છે.

ધ એસ્કર્ઝન કાવ્યમાં કવિ વર્ડ્ઝવર્થ ગાય છે :

"પોતાની જાતથી ઊંચે માનવી ઉઠશે નહીં
ત્યાં સુધી માનવી કેરું રહેશે મૂલ્ય કશું નહીં."

વિદ્યા દદાતિ વિનયમ્ - વિદ્યા વિનમ્રતા આપે છે. એમ આપણું સાહિત્ય કહે છે. જ્ઞાન શાણપણમાં પરિપકવ થાય ત્યારે મનુષ્ય વિનમ્ર બને છે. જ્ઞાન ગ્રહણ કરતાં, પચાવતાં અને આત્મસાત કરતાં શીખવે તે કેળવણી. માત્ર પુરુષ સમોવડી બનીને સરખા કામ કરવામાં સશકિતકરણ આવી જતું નથી. પુરુષો સાથે ખભેખભા મિલાવવામાં સ્ત્રી સશકિતકરણ આવી જતું નથી. માત્ર પુરુષોનો વિરોધ તેમના અત્યાચારો સામેનો જંગ અથવા પુરુષોના પુરુષ પણાને ચેલેન્જ કરવામાં સશકિતકરણની સાચી સમજ નથી.

સ્ત્રી પોતે એક શકિત છે. દા.ત. રાધા-કુષ્ણ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ વિગેરે ભારતીય સંસ્કૃતિમાં માતૃશકિતનો અનેરો મહિમા છે. સૃષ્ટિનું ચક્ર ચાલુ રાખવા માટે પણ સ્ત્રી શકિતનું મહત્ત્વ સ્વીકારવું જ રહયું. ભગવાન શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રી મહાવીર સ્વામી, શ્રી બુધ્ધ જેવા અવતારી પુરુષોએ પણ પૃથ્વી ઉપર તેમના પ્રાગટય માટે માતૃશકિતનો સહારો લેવો પડયો છે અને આ નિમિત્તે કેટલીક ભાગ્યશાળી માતાઓને ભગવાનની માતા થવાનું સૌભાગ્ય સાંપડયું છે. નારી તુ નારાયણી કહેવા માટે માતાથી વધુ મોટો કયો પુરાવો આપી શકાય.

આમ, માતૃશકિતનો અનેરો મહિમા ભારતીય સંસ્કૃતિમાં ગવાયો છે. પરંતુ ધીમે ધીમે જેમ હૃદયને બદલે મગજથી જીવવાનું શરુ થતું ગયું તેમ તેમ આવી ઊંચી ભાવનાઓનું પણ વ્યાપારીકરણ થવા લાગ્યું.

એક શિક્ષણ મેળવેલ સ્ત્રી કદાચ ડોકટર, એન્જિનિયર બનાવી શકે પરંતુ એક કેળવાયેલી સ્ત્રી મહારાણાપ્રતાપ, છત્રપતિ શિવાજી કે વીર ભગતસિંહ જેવા પ્રતાપી અને મેધાવી પુરુષો ચોકકસ પેદા કરી શકે છે. એક કેળવાયેલી સ્ત્રી જ સશકત છે અને તે અન્યને સશકત કરી શકે છે.

સમગ્ર સ્ત્રીત્વનું મુલ્યાંકન કરીએ તો જણાશે કે સ્ત્રી પોતાના જીવનકાળ દરમિયાન તેની સાથે વિવિધ પ્રકારની ભૂમિકાથી જોડાતા પાત્રોને કાંઈ ને કાંઈ આપતી જ રહે છે. જીવનના દરેક તબકકે સ્ત્રી સામેના પાત્રને પોતાનું યોગદાન આપીને જ રાજી થતી રહે છે. મેળવવા કરતાં આપવામાં પોતાનું ગૌરવ અને શોભા સમજતી સમગ્ર સ્ત્રી જાતિનું પુરુષ જાત પર મોટું અહેસાન છે તેમ કહેવામાં સહેજપણ અતિશયોકિત નથી. અને તે કેળવાયેલી સ્ત્રી ના સશકિતકરણથી સંભવી શકે.

કેળવાયેલી સ્ત્રી પોતે સશકત હોય છે. તે પોતે સમજદાર હોય, યોગદાન આપવાવાળી હોય, કુટુંબ સમાજ ને સમજનારી હોય, જીવન તરફ જોવાનો એક ચોકકસ દૃષ્ટિકોણ ધરાવતી હોય અને ઉપર વાત કરી તેમ મેળવવા કરતાં આપવામાં પોતાનું ગૌરવ સમજતી હોય.

સ્ત્રીની કેળવણી સમગ્ર સમાજનો આધાર સ્તંભ છે. સ્ત્રીનો જીવન પ્રત્યેનો, કુટુંબ પ્રત્યેનો , સમાજ પ્રત્યેનો, દૃષ્ટિકોણ ઉત્કૃષ્ટતાની ટોચ છે. કેળવાયેલ સ્ત્રી સશકત હોય છે જ, તે અન્યનું સશકિતકરણ કરવા માટે પણ સક્ષમ હોય છે. આવી સક્ષમ કેળવાયેલી સ્ત્રી જ કુટુંબનું અને સમાજનું સશકિતકરણ કરી શકે.

માત્ર મહિલા સંમેલનો ભરવાથી અને પુરુષ સમોવડી બનવાની માત્ર વાતો કરવાથી સ્ત્રી સશકિતકરણ શકય નથી. સ્ત્રીની કેળવણી જ સશકિતકરણનો પાયો છે.

મિસરી

એક કલાકાર હતો. રોજ નાટકમાં કામ કરે.
એક દિવસ એક વ્યક્તિએ તેને પુછ્યું કે
નાટકમાંથી તમે તમારી જિંદગીમાં શું શીખ્યાં ?
નાટકના એ કલાકારે સરસ વાત કરી.
તેણે કહ્યું કે, નાટકમાંથી એક જ વસ્તુ
હું શીખ્યો છું કે તમારો રોલ પૂરો થઈ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે!
આપણે કંઈ છોડતાં નથી એટલે જ દુ:ખી થઈએ છીએ.
આપણને ઘણી વખત તો ખબર જ નથી પડતી કે આપણો રોલ કયાં પૂરો થાય છે...!

(એસ.એમ.એસ. - નિલેષભાઇ જોશી, લીંબોઇ)